# આજે શહીદદિન - ભારતમાં શહીદદિન શા માટે અને કેટલા ?

ભારતમાં કુલ પાંચ શહીદ દિવસ મનાવવામાં આવે છે. આ દિવસોને સર્વોદય દિવસ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ દિવસે એ લોકોને શ્રધાંજલિ આપી યાદ કરવામાં આવે છે કે, જેઓ ભારતની આઝાદી, કલ્યાણ અને પ્રગતિ માટે લડ્યા અને પોતાના જીવનું બલિદાન આપ્યું. જેમાં ખાસ કરીને આઝાદીની લડત લડનારા અને સૈનિકોનો સમાવેશ થાય છે. આમ ભારતમાં ૩૦મી જાન્યુઆરીએ દર વર્ષે તમને યાદ કરવા માટે શહીદ દિવસ મનાવવામાં આવે છે. આમ તો દુનિયાના કુલ પચ્ચીસ દેશોમાં તેમના અનુભવને આધારે અલગ અલગ દિવસે શહીદદિન મનાવવામાં આવે છે. આ પચ્ચીસ દેશોમાં ભારત પણ છે.

ભારતમાં ૩૦મી જાન્યુઆરીએ જ શહીદદિન એટલા માટે મનાવવામાં આવે છે કે આ દિવસે મહાત્મા ગાંધીની ૧૯૪૮માં હત્યા કરવામાં આવી હતી. ભારતને આઝાદી અપાવવામાં ગાંધીજીની ભૂમિકાથી સૌ પરિચિત છો જ, જેથી તેની ચર્ચા અહી કરતા નથી. તેમણે આઝાદીની લડતને નેતૃત્વ પૂરું પાડી, સત્ય અને અહીસના માર્ગે ચાલીને ભારતને આઝાદી અપાવી. એટલું જ નહિ સમાજ વિકાસ અને લોકકલ્યાણ માટે જીવનભર તેઓ સંઘર્ષ કરતા રહ્યા. દિલ્હીમાં ગાંધીજી સાંજની પ્રાર્થના માટે જતા હતા ત્યારે નથુરામ ગોડસે દ્વારા બંદૂકની ગોળી મારીને હત્યા કરવામાં આવેલી. આ ઘટનાને આધારે જ ભારત સરકારે દર વર્ષે ગાંધીજીને અને સાથે ભારત માટે પોતાનો જીવ ગુમવનાર સૌને શ્રધાંજલિ આપવા માટે ૩૦મી જાન્યુઆરીને શહીદદિન મનાવવાનું નક્કી કરેલ છે.

આમ ૧૯૪૮ નો એ ૩૦મી જાન્યુઆરીનો દિવસ ભારત માટે દુ:ખદાયક દિવસ રહ્યો છે, જે ભારતના ઇતિહાસમાં સૌથી વધારે ખરાબ પીડાદાયક દિવસ બની ગયો છે. ૭૮ વર્ષની ઉમરે બિરલા હાઉસમાં સાંજની પ્રાર્થનામાં જતા ગાંધીજીની હત્યા કરવામાં આવેલી તે જગ્યાનું નામ ગાંધીસ્મૃતિ છે. જેમના નેતૃત્વમાં આઝાદીની કઠીનમાં કઠીન જીત મળી હતી, એવા રાષ્ટ્રપિતાને ગુમાવવા તે આપણા દેશ માટે સૌથી વધુ દુર્ભાગ્ય દિવસ હતો. તેમની હત્યા પ્રાર્થના સભામાં ભાગ લેવા માટે એકત્ર થયેલ ભીડની વચ્ચે જ કરવામાં આવેલ. તેમના પર થયેલ હુમલા પછી તેમને જોવા માટે આવનાર લોકોની ખૂબ જ મોટી ભીડ એકઠી થઇ હતી. ગાંધીજી એ એક મહાન વ્યક્તિત્વ હતું. જેમણે માત્ર ભારતને જ નહિ પણ દુનિયાને પણ સત્ય અને અહિંસાની ભેટ આપી એમ કહેવામાં સહેજ પણ અતિશયોક્તિ નથી. ૩૦મી જાન્યુઆરીએ ગાંધીજીની સાથે અન્ય શહીદોને પણ યાદ કરીને શ્રધાંજલિ આપવામાં આવે છે. ભારતને આઝાદી મળે તે બાદ ભારતમાં લોકો વચ્ચે ભાઈચારો, શાંતિ અને સૌહાર્દભર્યું વાતાવરણ નિર્મિત થાય તે માટે ગાંધીજીએ એક મિશન હાથ ધાર્યું હતું. પરંતુ તે મિશન પૂરું થાય તે પહેલા જ તેમની હત્યા થઇ ગઈ હતી.

ભારતમાં ૨૩મી માર્ચના દિવસને પણ શહીદદિન તરીકે મનાવવામાં આવે છે. એ દિવસોમાં ભગતસિંહ , શિવરામ રાજગુરુ અને સુખદેવ થાપરે અંગ્રેજો સામે બાથભીડી હતી. તેમના બલિદાનને યાદ કરીને તેમને શ્રધાંજલિ આપવા માટે જ ૨૩મી માર્ચને શહીદદિન તરીકે ભારતમાં મનાવવામાં આવે છે. પંજાબના લાયલપુર જીલ્લાના બાંગા ગામમાં ૨૮ સપ્ટેમ્બર ૧૯૦૭ નાં રોજ શીખ પરિવારમાં જન્મેલ ભગતસિંહ ભારતના ઇતિહાસમાં મહાન સ્વતંત્રતા સેનાની માનવામાં આવે છે. તેમના પિતા ગદર નામની પ્રસિદ્ધ પાર્ટીના સભ્ય હતા, જે ભારતની આઝાદી માટે કામ કરતું સંગઠન હતું. ભગતસિંહે પોતાના સાથીઓ રાજગુરું, ચંદ્રશેખર આઝાદ, સુખદેવ અને જય ગોપાલની સાથે મળીને લાલા લજપત રાય પર થયેલ લાઠીચાર્જના વિરોધમાં લડાઈ લડી હતી. ભગતસિંહે કરેલ સાહસો આજના યુવાનો માટે ખૂબ જ

પ્રેરણાદાયક છે. ભગતસિંહે ૧૯૨૯ની ૮ મી એપ્રિલે પોતાના સાથીઓ સાથે કેન્દ્રીય પાર્લામેન્ટમાં ‘ ઇન્કલાબ ઝિન્દાબાદ’ નાં નારા સાથે બોમ્બ ફેંક્યો હતો.  તેમની પર હત્યાનો કેસ થયેલો અને ૨૩ માર્ચ ૧૯૩૧ ના રોજ લાહોર જેલમાં સાંજે ૭ કલાક ને ૩૩ મિનિટે ફાંસી આપવામાં આવેલી. તેમના શરીરનો અગ્નિ સંસ્કાર સતલજ નદીના કિનારે કરવામાં આવેલ. અત્યારે ભારત – પાકિસ્તાનની સરહદે તેમના જન્મસ્થાન પાસે હુસેનવાલામાં આવેલ રાષ્ટ્રીય શહીદ સ્મારક પર શહીદી મેળાનું મોટાપાયા પર આયોજન કરવામાં આવે છે.

ભારતમાં ૩૦મિ જાન્યુઆરી શહીદદિનના દિવસે રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી. રક્ષામંત્રી અને સેના પ્રમુખો રાજઘાટ પર ગાંધીજીના સમાધી સ્થળ પર જઈને ફૂલો દ્વારા શ્રધાંજલિ આપે છે. ત્યારબાદ શહીદોને સમ્માન આપવા માટે આંતરિક સુરક્ષા દળો અને સૈન્યના જવાનો દ્વારા સલામી આપવામાં આવે છે. ત્યારબાદ ત્યાં એકત્ર થયેલ લોકો ગાંધીજી અને અન્ય શહીદોની યાદમાં બે મીનીટનું મૌન પાળે છે. ત્યારબાદ આ જગ્યા પર પ્રાર્થના અને ભજનો ગાવામાં આવે છે.  ઉપરાંત ભારતભરમાં શાળા-કોલેજોમાં ગાંધીજીનો એક પાત્રીય અભિનય કરીને કે અન્ય કાર્યક્રમો દ્વારા તેમને યાદ કરી શ્રધાંજલિ આપવામાં આવે છે. હા, ભારતના અન્ય શહીદોને પણ સમ્માન આપવા માટે એક કરતા વધુ શહીદ દિવસ (જેને સર્વોદય દિવસ પણ કહેવામાં આવે છે) તે મનાવવામાં આવે છે.

૧૩ જુલાઈએ જમ્મુ- કશ્મીરમાં પણ શહીદદિનની ઉજવણી કરવામાં આવે છે. ૧૯૩૧ ની ૧૩ મી જુલાઈના રોજ કાશ્મીરના મહારાજા હરિસિંહ સાથે પ્રદર્શન કરતા ૨૩ લોકોને અંગ્રેજી રોયલ સૈનિકો દ્વારા મારી નાંખેલ. જેમની યાદમાં ત્યાં ૧૩મી જુલાઈએ શહીદદિન મનાવવામાં આવે છે.

પંજાબના શેર તરીકે ઓળખાતા લાલા લજપતરાયનું પ્રદાન આઝાદી સમયે ઘણું હતું. તેઓ મહાન નેતા, સ્વતંત્રતા સેનાની અને લેખક હતા. તેમની પુણ્યતિથિ ૧૭ મી નવેમ્બર(૧૯૨૮) ને   ઓરિસ્સામાં શહીદદિન તરીકે મનાવવામાં આવે છે. તે જ રીતે ૧૭ મી નવેમ્બર (૧૮૨૮) એ પણ ઝાંસીની રાણી લક્ષ્મી બાઈનો જન્મદિવસ છે. આ દિવસને એ રીતે પણ મનાવવામાં આવે છે કે, ૧૮૫૭ ના સંગ્રામમાં જે લોકોએ બલિદાનઆપ્યા હતા તેમને યાદ કરી શ્રદ્ધાંજલિ આપવામાં આવે છે.

ભારતમાં આજે ૩૦ મી જાન્યુઆરી બુધવારના રોજ શહીદદિન મનાવવામાં આવી રહ્યો છે. તે જ રીતે ૨૩ માર્ચ, શનિવારે પણ મનાવવામાં આવશે. આપણા સૌની ફરજ છે કે, આપણે પણ એ વીર શહીદોને યાદ કરીએ. તેમને સાચા દિલથી શ્રધાંજલિ આપીએ. ભલે કોઈ જાહેર કાર્યક્રમમાં નાં જઈ શકીએ, પણ ઘરના સૌ સભ્યો એક સાથે ઘરના કોઈ એક રૂમમાં એકઠા થઈએ. અને સાથે મળીને શહીદોની યાદમાં બે મિનિટનું મૌન પાળીએ. તે જ રીતે શાળા કોલેજમાં પણ કોઈ એક-બે શહીદની વાત કરીને તેમને શ્રદ્ધાંજલિ  આપવા માટે બે મીનીટનું મૌન પાળવામાં આવે.

કેટલાક સુવિચારો શહીદી અંગે.  ખરેખર એ લોકો જ ઈતિહાસ રચે છે કે જે શહીદ બને છે. – શહીદોના લોહીનું ટીંપુ ચર્ચનું બીજ છે. – શહીદો પોતાના શરીને ઓછું નથી આંકતા, તેઓ શૂળી પર ચડવા તૈયાર હોય છે. પોતાના વિપક્ષીઓ સાથે પણ આ બાબતે એક હોય છે. – શહીદોની વચ્ચે પણ મહાન અત્યાચારીને રાખવામાં આવે છે, જેનું માથું નથી કાપવામાં આવતું.- એ શહીદો દેશભક્તિના એક વિચાર માટે પોતાના જીવનને કુરબાન કરી દે છે.- અત્યાચારી મરી જાય છે અને તેનું શાસન ખત્મ થઇ જાય છે, જયારે શહીદ મરી જાય છે અને તેનું શાસન શરુ થાય છે. -  એક શહીદ કહે છે કે, તેઓ મારા શરીને પીડા આપી શકે છે, મારા હાડકાં તોડી શકે છે, મને મૃત્યુ આપી શકે છે. જેના પછી તેમની પાસે મારી લાશ હશે, પણ મારી પાસેથી આજ્ઞાપાલનની અપેક્ષા પૂરી નહિ થાય.

જમાને ભર મેં મિલતે હે આશિક કંઈ,
મગર વતન સે ખૂબસૂરત કોઈ સનમ નહી હોતા,
નોટો મેં ભી લિપટ કર, સોને મેં સિમટકર મરે હે કંઈ,
મગર તિરંગે સે ખૂબસૂરત કોઈ કફન નહી હોતા.
ઇતની સી બાત હવાઓં કો બતાયે રખના, રોશની હોગી ચિરાગો કો જલાયે રખના
લહૂ દેકર કી હે જિસકી હિફાજત હમને,
એસે તિરંગે કો હંમેશા અપને દિલ મે બસાયે રખના.
સેકડો પરિંદે આસમાન પર આજ નજર આને લગે,
શહીદોને દિખાઈ હે રાહ ઉન્હેં આઝાદી સે ઉડને કી.
આઓ ઝૂક કર સલામ કરે ઉનકો, જિનકે હિસ્સે મેં એ મુકામ આતા હે,
ખુસનસીબ હોતા હૈ વો ખૂન, જો દેશ કે કામ આતા હૈ.
**જશ્ન આઝાદી કા મુબારક હો દેશ વાળો કો, ફંડે સે મોહબ્બત થી હમ વતન કે મતવાલો કો.**

